Pages 8 | કિંમત Rs. 2/- | email : gujarati@westerntimes.co.in | www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

આજનો સુવિચાર
જ્યારે દિવસો ખરાબ હોય ત્યારે સ્વાસ્થ્ય સાચવવું, અને જ્યારે દિવસો સારા હોય ત્યારે મગજ સાચવવું

# વેસ્ટર્ન ટાઇમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ | WESTERN TIMES (AHMEDABAD) | ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2023
Posting at RMS Ahmedabad

શનિવાર, તા.૨૦ મે, ૨૦૨૩
20/5/2023 * VOL : 43 * NO. 245 સંવત- ૨૦૭૮, જેઠ સુદ-૧

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad Editor : Nikunj R. Patel
RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) ફોન : ૦૭૯-૨૬૪૦ ૨૮૮૦, જાહેરાત : ૦૭૯-૨૬૪૦ ૨૮૮૧

# રૂા. ૨૦૦૦ની નોટ પરત ખેંચાઈ

## નાગરિકો તા. ૩૦ સપ્ટે. સુધી બેન્કોમાં એક વખતમાં ૧૦ નોટ બદલી શકશેઃ બેન્કોમાં નોટો બદલવા માટે અલગ કાઉન્ટરની વ્યવસ્થા કરાશેઃ કાળા નાણાંનો સંગ્રહ કરનાર સામે સરકારની કાર્યવાહીઃ નાગરિકોમાં ગભરાહટઃ બજારમાં વેપારીઓ પણ હવે રૂા. ૨૦૦૦ની નોટ લેતાં ખચકાશે



**નવી દિલ્હી,**
ભારત દેશમાં સત્તાસ્થાને આવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૌ પ્રથમ રૂા.૫૦૦ અને ૧૦૦૦ની નોટો બંધ કરી હતી જેના બદલામાં નવી પેટર્નની રૂા.૫૦૦ અને ૧૦૦૦નાં બદલે રૂા.૨૦૦૦ની નવી નોટો બહાર પાડી હતી. છેલ્લાં ઘણાં સમયથી રૂા.૨૦૦૦ની નોટો બજારમાં દેખાતી નહોતી. આ પરિસ્થિતિમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આજે તા.૧૯ મેના રોજથી રૂા.૨૦૦૦ની નોટ પર નિયંત્રણો લાદી દીધા છે. જેમાં મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે, રૂા.૨૦૦૦ની નોટ પરત ખેંચવાનો નિર્ણય કરાયો છે. જોકે, નાગરિકો તા.૩૦મી સપ્ટે. સુધી પોતાની પાસેની આ નોટો બેન્કમાં જઈ બદલી શકશે. પ્રતિએક નાગરિક એક વખતમાં ૧૦ નોટ બદલી શકશે. દરેક બેંકોમાં આ કામગીરી માટે અલગ કાઉન્ટર શરૂ કરવાનો પણ નિર્દેશ આપ્યો છે. સોમવારથી આ કામગીરી શરૂ થશે. આરબીઆઈએ ૨૦૦૦ની નવી નોટો છાપવાનું બંધ કરી દીધું હતું અને ત્યારબાદ અચાનક જ આ નિર્ણય લેતા સામાન્ય નાગરિકોમાં ગભરાટની લાગણી જોવા મળી રહી છે. આ નિર્ણયથી ફરી એક વખત નોટબંધી વખતે સર્જાયેલાં દૃશ્યો ફરીવખત જોવા મળશે. બેંકોમાં નોટો બદલવા માટે લોકોની લાઈનો લાગશે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ૨૦૦૦ની નોટને સર્ક્યુલેશનમાંથી પાછી ખેંચી લીધી છે, પરંતુ હાલની નોટો અમાન્ય નહીં બને. ૨ હજારની નોટ નવેમ્બર ૨૦૧૬માં બજારમાં આવી હતી. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધ કરી દીધી હતી. એને બદલે નવી પેટર્નમાં ૫૦૦ અને ૨૦૦૦ની નવી નોટ બહાર પાડવામાં આવી હતી. આરબીઆઈએ ૨૦૧૯થી ૨૦૦૦ની નોટ છાપવાનું બંધ કરી દીધું હતું.

આરબીઆઈએ બેંકોને ૨૩ મેથી ૩૦ સપ્ટેમ્બર સુધી ૨૦૦૦ની નોટ બદલી આપવાની સૂચના આપી છે. એક સમયે માત્ર વીસ હજાર રૂપિયાની મહત્તમ કિંમતની નોટો જ બદલી શકાશે. હવેથી બેંકો ૨૦૦૦ની નોટ નહીં આપે.

રિઝર્વ બેંક ૨૦૦૦ની નોટને ચલણમાંથી પાછી ખેંચી લેશે, પરંતુ હાલની નોટો અમાન્ય રહેશે નહીં. આરબીઆઈએ જણાવ્યું છે કે ૨૦૧૮-૧૯માં તેમનો ઉદ્દેશ પૂરો થયા બાદ તેનું પ્રિન્ટિંગ બંધ કરવામાં આવ્યું હતું.

રિઝર્વ બેંક ૨૦૦૦ની નોટને ચલણમાંથી પાછી ખેંચી લેશે, પરંતુ હાલની નોટો અમાન્ય રહેશે નહીં. આરબીઆઈએ કહ્યું કે ૨૦૧૮-૧૯માં તેમનો ઉદ્દેશ પૂરો થયા બાદ તેનું પ્રિન્ટિંગ બંધ કરવામાં આવ્યું હતું.

આરબીઆઈએ પોતાના સર્ક્યુલરમાં લખ્યું છે કે તે ૨૦૦૦ની નોટોને ચલણમાંથી બહાર લઈ રહી છે. આ માટે કોઈ તારીખ કે સમય આપવામાં આવ્યો નથી. એટલે કે આ નિર્ણય તાત્કાલિક અસરથી અમલમાં આવ્યો છે.

રૂા.૨૦૦૦ નોટો બેંકમાં જઈને બદલી શકાય છે. આ માટે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીનો સમય આપવામાં આવ્યો છે. આ અંગે બેંકોને પણ જાણ કરવામાં આવી છે જેથી નોટ બદલવામાં કોઈ મુશ્કેલી ન આવે.

જેની પાસે ૨ હજારની નોટ છે તેણે બેંકમાં જઈને તેને બદલી આપવી પડશે. ૨૦૧૬માં નોટબંધી દરમિયાન ૫૦૦ અને ૧૦૦૦ની નોટો બંધ કરવામાં આવી હતી. તેને બદલવા માટે સમય પણ આપવામાં આવ્યો હતો, પરંતુ લાંબી કતારો લાગવાને કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. તે આ વખતે પણ જોવા મળી શકે છે.

વર્ષ ૨૦૧૬માં નોટબંધીના સમયે કેન્દ્ર સરકારને આશા હતી કે ભ્રષ્ટાચારીઓના ઘરેથી ગાદલાં-તકિયાંમાં ભરીને રાખેલું ૩-૪ લાખ કરોડનું કાળું નાણું બહાર આવશે, પરંતુ ૧.૩ લાખ કરોડનું કાળું નાણું જ બહાર આવ્યું. હવે નોટબંધી સમયે જારી કરવામાં આવેલી નવી ૫૦૦ અને ૨૦૦૦ની નોટોમાં ૯.૨૧ લાખ કરોડ ચોક્કસપણે ગાયબ થઈ ગયા છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ૨૦૧૬-૧૭થી ૨૦૨૧-૨૨ સુધીનો વાર્ષિક રિપોર્ટ જણાવે છે કે આરબીઆઈએ ૨૦૧૬થી લઈ અત્યારસુધીમાં ૫૦૦ અને ૨૦૦૦ની કુલ ૬,૮૪૯ કરોડ ચલણી નોટ છાપી છે. ભારતીય રિઝર્વ બેંકના ૨૦૧૬-૧૭થી તાજેતરના ૨૦૨૧-૨૨ના વાર્ષિક અહેવાલો દર્શાવે છે કે આરબીઆઈએ ૨૦૧૬થી અત્યારસુધીમાં ૫૦૦ અને ૨૦૦૦ની કુલ ૬,૮૪૯ કરોડ ચલણી નોટ છાપી છે. એમાંથી ૧,૬૮૦ કરોડથી વધુ ચલણી નોટો ચલણમાંથી ગાયબ છે. ગુમ થયેલી આ નોટોની કિંમત ૯.૨૧ લાખ કરોડ રૂપિયા છે. આ ખોવાયેલી નોટોમાં એ નોટોનો સમાવેશ થતો નથી, જેને નુકસાન થયા બાદ આરબીઆઈ દ્વારા નાશ કરવામાં આવ્યો હતો. ઉત્તરપ્રદેશની ચૂંટણી વખતે અત્તરના વેપારીઓ પર પડેલા દરોડાથી લઈને હાલ પશ્ચિમ બંગાળમાં મંત્રી પાર્થ ચેટર્જીના નજીકના લોકો પર પડેલા દરોડા સુધી દરેક જગ્યાએ મળેલાં કાળાં નાણાંમાં ૯૫%થી વધારે ૫૦૦ અને ૨૦૦૦ની નોટ હતી.

---

## સંક્ષિપ્ત સમાચાર

### કર્ણાટકમાં સિદ્ધારમૈયાની આજે શપથવિધિ

**(એજન્સી)બેંગલુરુ,**
કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની ભવ્ય જીત પછી મુખ્ય પ્રધાનની પસંદગીનું કોકડું ઉકેલાયું છે, પણ આ જીતથી કોંગ્રેસે વિપક્ષને મેસેજ આપી દીધો છે આ તો ફક્ત ટ્રેલર છે પણ વાસ્તવમાં ટક્કર તો લોકસભાની ચૂંટણીમાં થશે. ચૂંટણી જીત્યા પછી બે જૂથ ( સિદ્ધારમૈયા અને ડીકે શિવકુમાર)ને એક કરવામાં કોંગ્રેસ હાઈ કમાન્ડને ખાસ્સી મહેનત કરવી પડી છે, પણ એમાં પોતાનું હિત સાધી લેવામાં આવ્યું છે. બીજું આવતીકાલની કેબિનેટમાં પ્રધાનોની પસંદગી પણ જ્ઞાતિ આધારે થાય તો નવાઈ થશે નહિ અને એનું કારણ પણ આગામી લોકસભાની ચૂંટણી છે. કર્ણાટકમાં સિદ્ધારમૈયા સરકારનો શપથ ગ્રહણ સમારોહ આવતીકાલે બપોરે ૧૨:૩૦ કલાકે બેંગલુરુના કાંતિરવા સ્ટેડિયમમાં યોજાશે.

### સેન્સેક્સમાં ૨૯૮, નિફ્ટીમાં ૭૩ પોઈન્ટનો ઊછાળો જોવાયો

**(એજન્સી)મુંબઈ,**
સ્થાનિક શેરબજારમાં છેલ્લા કેટલાક સમયથી ઘટાડાની પ્રક્રિયા શુક્રવારે સમાપ્ત થઈ ગઈ હતી. બીએસઈનો ૩૦ શેરનો સંવેદનશીલ સૂચકાંક સેન્સેક્સ (સેન્સેક્સ) ૨૯૭.૯૪ અંક એટલે કે ૦.૪૮ ટકાના વધારા સાથે ૬૧,૭૨૯.૬૮ પોઈન્ટના સ્તર પર બંધ થયો છે. એ જ રીતે, એનએસઈનિફ્ટી ૭૩.૪૫ પોઈન્ટ અથવા ૦.૪૧ ટકાના વધારા સાથે ૧૮,૨૦૩.૪૦ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. અદાણી એન્ટરપ્રાઈઝનો શેર નિફ્ટીમાં સૌથી વધુ ૩.૪૪ ટકાના વધારા સાથે બંધ થયો હતો. વિવિધ ક્ષેત્રોની વાત કરીએ તો ઈન્ફોર્મેશન ટેકનોલોજી ઈન્ડેક્સ ૧ ટકાના ઉછાળા સાથે બંધ થયો હતો. તે જ સમયે, ઓટો, બેંક અને રિયલ એસ્ટેટ ૦.૫-૦.૫ ટકાના ઉછાળા સાથે બંધ થયા છે.

---

## રશિયાની ૭૦ કંપની-સંસ્થાઓને બ્લેકલિસ્ટ કરવા યુએસની યોજના

**(એજન્સી)વોશિંગ્ટન,**
જ્યારથી રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયું છે ત્યારથી અમેરિકા સહિત અન્ય ઘણા દેશોએ તેના પર પ્રતિબંધો લગાવ્યા છે અને એક અમેરિકી અધિકારીએ આજે જાપાનમાં જી ૭ સમિટ પહેલા જણાવ્યું હતું કે અમેરિકા રશિયા સામે નવા પ્રતિબંધોની જાહેરાત કરશે.

તેમણે કહ્યું કે અમેરિકા પાસે આ વર્ષે જી૭માં કેટલાક મુખ્ય લક્ષ્યો હશે. જોકે મુખ્ય ધ્યાન યુક્રેન માટે સમર્થન બતાવવા પર રહેશે. અમેરિકી વહીવટીતંત્રના એક અધિકારીએ કહ્યું કે અમે રશિયાને જવાબદાર ઠેરવવા માટે અનેક પગલાં લીધા છે. તેમાં નિકાસ પ્રતિબંધ જેવી પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.

અમેરિકા દેખીતી રીતે લગભગ ૭૦ રશિયન કંપનીઓ અને સંસ્થાઓને બ્લેકલિસ્ટ કરવાની યોજના બનાવી રહ્યું છે. અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે અમે રશિયા સામે પગલાં લેવાનું ચાલુ રાખીશું અને નિકાસ નિયંત્રણોનો વિસ્તાર કરવાનું ચાલુ રાખીશું. અમેરિકા દ્વારા વ્યક્તિઓ, સંસ્થાઓ, જહાજો અને વિમાનો સામે ૩૦૦ થી વધુ નવા પ્રતિબંધો પણ જાહેર કરવામાં આવશે.

---

## અદાણી-હિંડનબર્ગ કેસમાં અદાણીને ક્લિનચિટ

### રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે વર્તમાન નિયમો કે કાયદાનું પ્રથમ દ્રષ્ટીએ કોઈ ઉલ્લંઘન જોવા મળ્યું નથી

**(એજન્સી)નવી દિલ્હી,**
અદાણી-હિંડનબર્ગ કેસની તપાસ માટે સુપ્રીમ કોર્ટ દ્વારા રચવામાં આવેલી નિષ્ણાત સમિતિનો રિપોર્ટ શુક્રવારે જાહેર કરાયો. ૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ અમેરિકન શોર્ટ-સેલિંગ ફર્મ હિંડનબર્ગે અદાણી ગ્રૂપની કંપનીઓ અંગે એક અહેવાલ બહાર પાડી કંપનીના શેરોની કિંમતને ઓવરવેલ્યૂ તથા એકાઉન્ટમાં ગરબડ કરાઈ હોવાનો આરોપ મૂક્યો હતો.

જોકે હિંડનબર્ગના આરોપોને અદાણી જૂથે ફગાવી દીધા હતા. પરંતુ વિપક્ષે આ મુદ્દે હોબાળો મચાવ્યો અને જ્યારે મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો ત્યારે સુપ્રીમ કોર્ટે તપાસ માટે વિશેષ સમિતિની રચના કરી હતી. હવે આ સમિતિનો રિપોર્ટ સામે આવ્યો છે.



સુપ્રીમ કોર્ટ દ્વારા રચવામાં આવેલી નિષ્ણાત સમિતિના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અદાણી જૂથે તમામ લાભાર્થી માલિકોનો ખુલાસો કર્યો છે. આ સાથે એવું પણ કહેવામાં આવ્યું છે કે સેબી દ્વારા એવો કોઈ આક્ષેપ કરવામાં આવ્યો નથી કે તેઓ અદાણીના લાભાર્થી માલિકોના ઘોષણાને નકારી રહ્યાં છે. હિંડનબર્ગના રિપોર્ટ બાદ અદાણીનો રિટેલ હિસ્સો વધ્યો છે. રિપોર્ટમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે વર્તમાન નિયમો કે કાયદાનું પ્રથમ દ્રષ્ટીએ કોઈ ઉલ્લંઘન જોવા મળ્યું નથી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સેબીપાસે હજુ પણ ૧૩ વિદેશી સંસ્થાઓ અને મેનેજમેન્ટ હેઠળ સંપત્તિ માટે ૪૨ યોગદાન આપનારાઓ વિશે પૂરતી માહિતી નથી. આ રિપોર્ટ સેબીને એ ચકાસવા મુક્ત કરે છે કે શું ૧૩ સંસ્થાનો જેમની તપાસ લંબિત છે તેમાં શું કોઈ અન્ય મામલો બનાવવામાં આવે? રિપોર્ટમાં ઈડીના કેસનો ઉલ્લેખ કરતી વખતે સેબીએ પ્રથમ દ્રષ્ટિએ કોઈ આરોપો લગાવ્યા નથી. રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે અદાણીના શેર ભારતીય બજારોને અસ્થિર કર્યા વિના નવા ભાવે સ્થિર થયા છે. આ ઉપરાંત રિપોર્ટમાં સ્ટોકને સ્થિર કરવા માટે અદાણીના પ્રયાસોને સ્વીકારવામાં આવ્યા છે.

---

## જી-૭ બેઠક માટે મોદી જાપાન પહોંચ્યાઃ આજે ઝેલેન્સકી સાથે મહત્ત્વપૂર્ણ બેઠક

**ટોકીયો,**
જાપાનના હિરોશિમા શહેરમાં શુક્રવારે જી-૭ બેઠક માટે વિશ્વની ૭ કહેવાતી સૌથી મોટી અર્થવ્યવસ્થાઓના નેતાઓ એક મંચ પર ભેગા થયા છે. આ બેઠકમાં અતિથિ તરીકે આ કાર્યક્રમમાં સામેલ થવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ રવાના થઈ ગયા છે. જ્યારે, જાપાન પહોંચ્યા પછી, બીજા વિશ્વયુદ્ધમાં હિરોશિમા પરના પરમાણુ હુમલામાં તમામ જી-૭ નેતાઓ માર્યા ગયા લોકોને શ્રદ્ધાંજલિ આપી હતી.



૨૧ મે સુધી ચાલનારી આ બેઠકમાં જળવાયુ પરિવર્તન અને અર્થવ્યવસ્થા તેમજ ચીન અને રશિયા પર ચર્ચા કરવામાં આવશે. યુક્રેન યુદ્ધને કારણે અમેરિકાએ રશિયા પર ૩૦૦ પ્રતિબંધો લગાવવાની યોજના ઘડી રહ્યું છે. જ્યારે, બેઠક શરૂ થાય તે પહેલાં જ, બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનકે રશિયન હીરા પર પ્રતિબંધની જાહેરાત કરી છે. બ્લૂમબર્ગ ઉપરાંત રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી પણ આ બેઠકમાં હાજરી આપશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે જી-૭ સમિટ માટે જાપાનના હિરોશિમા જવા રવાના થયા. મોદી ૨૧ મે સુધી અહીં રહેશે. ૬૬ વર્ષ બાદ એવું પહેલી વખત બની રહ્યું છે જ્યારે કોઈ ભારતીય વડાપ્રધાન જાપાનના હિરોશિમા શહેર પહોંચી રહ્યા છે. જવાહરલાલ નેહરુએ ૧૯૫૭માં હિરોશિમાની મુલાકાત લીધી હતી.

વિદેશ સચિવ વિનય મોહન ક્વાત્રાએ કહ્યું- મોદી હિરોશિમામાં મહાત્મા ગાંધીની પ્રતિમાનું અનાવરણ કરશે. સમિટ બાદ તેઓ જી-૭ નેતાઓ સાથે પીસ મેમોરિયલ પાર્કની પણ મુલાકાત લેશે. આ પાર્ક પરમાણુ હુમલાના પીડિતોની યાદમાં બનાવવામાં આવ્યો છે. ક્વાત્રાએ જણાવ્યું ક જી-૭ સમિટ બાદ પીએમ મોદી પાપુઆ ન્યૂ ગિની જશે. અહીં તે થોડા કલાકો રોકાશે અને પછી ૨૨ મેના રોજ ઓસ્ટ્રેલિયા જવા રવાના થશે. ન્યૂઝ એજન્સી એપી અનુસાર સમિટ દરમિયાન રશિયા-યુક્રેન યુદ્ધ પર પણ ચર્ચા થશે. અમેરિકી અધિકારીઓનો દાવો છે કે આ દરમિયાન ચીનના વધતા આર્થિક પ્રભાવ પર ચર્ચા કરવામાં આવશે. સંયુક્ત નિવેદનમાં ચીન તરફથી પડકારનો સામનો કરવાની રીતો પર એક સંપૂર્ણ વિભાગ પણ હશે.

---

## કર્ણાટકમાં લોકોએ વીજ બિલ ભરવાના બંધ કર્યા

**(એજન્સી)બેંગલુરૂ,**
કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસનો ભવ્ય વિજય થયો છે પરંતુ સરકાર હજુ બની નથી. ત્યારે કોંગ્રેસે ચૂંટણી પહેલા જે વચનો આપ્યા હતા તે પુરા કરવામાં આવે તેવી માંગ પણ લોકો કરવા લાગ્યા છે. ઉલ્લેખનીય છે કે કોંગ્રેસે વચન આપ્યું હતું કે જો તેમની સરકાર બનશે તો લોકોને ૨૦૦ યુનિટ વીજળી મફતમાં આપવામાં આવશે. અહેવાલ અનુસાર કર્ણાટકમાં સરકાર બનવાની બાકી હોવા છતાં લોકોએ વીજળીના બિલ ભરવાની ના પાડી દીધી છે! અહેવાલ અનુસાર કર્ણાટકના કોપ્પલ, કલબુર્ગી અને ચિત્રદુર્ગ જિલ્લાના કેટલાક ગામોમાં લોકોએ વીજળીનું બિલ ભરવાનો ઈનકાર કરી દીધો છે. ખરેખર તો કર્ણાટક કોંગ્રેસે તેના ઢંઢેરામાં લોકોને ૨૦૦ યુનિટ વીજળી મફતમાં આપવાનું વચન આપ્યું હતું. આવી સ્થિતિમાં વીજ વિભાગના કર્મચારીઓ જ્યારે કેટલાક ગામોમાં વીજ બિલ લઈને પહોંચ્યા ત્યારે લોકોએ બિલ ભરવાનો ઈક્રાર કરી દીધો હતો. લોકો કહે છે કે કોંગ્રેસે મફત વીજળીનું વચન આપ્યું હતું અને અમે કોંગ્રેસને વોટ આપ્યો અને કોંગ્રેસ જીતી એટલે મફત વીજળી મેળવવાના હકદાર બની ગયા. લોકોએ વીજ વિભાગના કર્મચારીઓને સ્પષ્ટપણે કહી દીધું છે કે તેઓ વીજળીનું બિલ લઈને તેમની પાસે ન આવે કારણ કે તેઓ બિલ નહીં ભરે. લોકો કહે છે કે હવે ગમે તે થાય અમે બિલ નહીં ચૂકવીએ. કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં પાંચ ગેરન્ટી યોજનાની જાહેરાત કરવામાં આવી હતી. તેનો ફાયદો કોંગ્રેસને મળ્યો તે ચૂંટણી પરિણામો પરથી સ્પષ્ટ છે.

---

## બાળ કલાકારોના શોષણના કેસમાં ત્રણ વર્ષની સજા થશે

**(એજન્સી)નવી દિલ્હી,**
નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સે ગઈકાલે મનોરંજન ક્ષેત્રમાં બાળ કલાકારોના હિતમાં નવી માર્ગદર્શિકા જારી કરી હતી. નવી માર્ગદર્શિકા અનુસાર, જો કોઈ ઈન્સ્ટાગ્રામ રીલ, સોશિયલ મીડિયા અને ઓટીટી પ્લેટફોર્મ પરનો કન્ટેન્ટ બાળકોને માનસિક અથવા શારીરિક પીડાનું કારણ બને છે, તો ત્રણ વર્ષ સુધીની જેલની જોગવાઈ છે.

માર્ગદર્શિકામાં સૌપ્રથમ વખત સોશિયલ મીડિયા અને ઓટીટીપ્લેટફોર્મને કવર કરી તેના વ્યાપ વિસ્તૃત કરવામાં આવ્યો છે. નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સના અધ્યક્ષએ જણાવ્યું હતું કે, ગયા વર્ષે બહાર પાડવામાં આવેલા ડ્રાફ્ટ માર્ગદર્શિકામાં આ બાબતે હિતધારકો પાસેથી સૂચનો માંગવામાં આવ્યા હતા.

માર્ગદર્શિકા અનુસાર, બાળક ઑડિયો-વિઝ્યુઅલ મીડિયા પ્રોડક્શન અથવા કોઈપણ વ્યવસાયિક કાર્યક્રમમાં ભાગ લે તે પહેલાં, નિર્માતાએ સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટની પરવાનગીની જરૂર પડશે. કાનુન્ગોએ જણાવ્યું હતું કે, બાળકો માટેના કાર્યક્રમ દરમિયાન અથવા ફક્ત બાળકો માટે જ બનેલી ચેનલ પર ચિપ્સ, કાર્બોરેટેડ પીણાં અને અન્ય નાસ્તા અને પીણાં સહિતના જંક ફૂડની જાહેરાત ન કરવી જોઈએ. તેમણે કહ્યું કે, બાળકની ભાગીદારી સાથે સંકળાયેલા ઓડિયો-વિઝ્યુઅલ મીડિયા પ્રોડક્શન અથવા કોમર્શિયલ પ્રોગ્રામના કોઈપણ નિર્માતાએ પ્રોડક્શન અને શૂટિંગની પ્રક્રિયા દરમિયાન આવા બાળક સાથે કોઈ દુર્વ્યવહાર, ઉત્પ્રેક્ષણ અથવા શોષણ ન થાય તેની ખાતરી કરવી જરૂરી રહેશે.

---

## પ્રશાંત મહાસાગરમાં ૭.૭ની તીવ્રતાનો ભૂકંપ

**(એજન્સી)નવી દિલ્હી,**
પ્રશાંત મહાસાગરમાં ૭.૭ની તીવ્રતાના ભૂકંપથી આસપાસના ટાપુ અને ખંડીય વિસ્તારોમાં સુનામીનું જોખમ વધી ગયું છે, જેના માટે સ્થાનિક સરકારે પણ એલર્ટ જાહેર કર્યું છે. યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વે (યુએસજીએસ) એ જણાવ્યું હતું કે ભૂકંપ ૧૦ કિમી (૬.૨૧ માઈલ) ની ઊંડાઈએ આવ્યો હતો. યુ.એસ. સુનામી ચેતવણી પ્રણાલીએ જણાવ્યું હતું કે તેણે ન્યુ કેલેડોનિયા, ફિજી અને વનુઆતુના વિસ્તારોમાં સંભવિત સુનામીની ચેતવણી આપી હતી. યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વે (યુએસજીએસ) એ જણાવ્યું હતું કે ન્યૂ કેલેડોનિયા નજીક ભૂકંપ ૩૮ કિમી (૨૪ માઈલ) ની ઊંડાઈએ આવ્યો હતો.

---

## ભારતમાં કરોડપતિઓની સંખ્યા પાંચ વર્ષમાં બમણી થશે

**(એજન્સી)વોશિંગ્ટન,**
નાઈટ ફ્રેન્ક વેલ્થ રિપોર્ટ ૨૦૨૩ એ દાવો કર્યો છે કે, ભારતમાં કરોડપતિઓની સંખ્યા પાંચ વર્ષમાં બમણી થશે અને અબજોપતિઓની સંખ્યા દોઢ ગણી થશે. ૨૦૨૭ સુધીમાં દેશમાં હાઈ નેટ વર્થ ઈન્ડિવિઝ્યુઅલ્સની સંખ્યા ૧૬ લાખને વટાવી જશે. એટલે કે, જેમની નેટવર્થ ૧ મિલિયન ડોલર કે તેથી વધુ છે તેમની સંખ્યા વધીને ૧.૬ મિલિયન ડોલર થશે. ૨૦૨૨ સુધીમાં દેશમાં આવા લોકોની સંખ્યા ૭.૯૭ લાખ થઈ ગઈ છે. રિપોર્ટ અનુસાર, પાંચ વર્ષમાં અમીર લોકોની સંખ્યામાં ૧૦૮ ટકાનો વધારો થશે. રિપોર્ટ અનુસાર, ભારતના અતિ-ઉચ્ચ નેટ-વર્થ વ્યક્તિઓ, જેમની પાસે ૩૦ મિલિયન ડોલરથી વધુની નેટવર્થ છે, ૨૦૨૭ સુધીમાં ૫૮.૪% વૃદ્ધિ પામશે. ૨૦૨૭ માં, દેશમાં ૩૦ મિલિયનથી વધુની નેટવર્થ ધરાવતા ૧૯,૧૧૯ લોકો હશે.









# હવે વર્ગ-3ની ભરતી માટે દ્વિ-સ્તરીય પરીક્ષા પદ્ધતિ લાગુ થઈ

**ગાંધીનગર,**
રાજ્યમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટે સરકારે મહત્વના ફેરફાર કર્યા છે. ગુજરાત સરકારે વર્ગ ૩ની ભરતી માટે મોટા ફેરફાર કર્યા છે. રાજ્ય સરકારે વર્ગ ૩ની ભરતી માટે નવા નિયમો જાહેર કર્યા છે. આ માટે રાજ્યના સરકારના સામાન્ય વહીવટી વિભાગે એક જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ છે. આ જાહેરનામાં બાદ કલાર્ક, સિનિયર કલાર્ક, જુનીયર ક્લાર્ક, ઓફિસ આસીસ્ટન્ટ ભરતી માટે નવા નિયમો લાગુ કરવામાં આવશે.

ગુજરાત સરકારે વર્ગ ૩ની ભરતી માટે નવા નિયમો જાહેર કર્યા છે જેમા હવે વર્ગ ૩ ની ભરતી માટે દ્વિ-સ્તરીય પરીક્ષા પધ્ધતિ લાગુ કરવામાં આવી છે. આ નવા નિયમો મુજબ ભરતીની પરીક્ષા પ્રિમિલનરી અને મુખ્ય એમ બે તબક્કામાં લેવાશે. હવે પછી વર્ગ-૩ની પરીક્ષામાં કોઈ પણ પ્રકારનું વેઈટિંગ લિસ્ટ જાહેર કરવામાં આવશે નહી. મુખ્ય પરીક્ષાના આધારે જ મેરીટ લીસ્ટ બનશે. આ સાથે પ્રિમિલનરી પરીક્ષામાં પાસ ઉમેદવારો જ મુખ્ય પરીક્ષા આપી શકશે.

આ નવા નિયમ બાદ હવે ચારેય કેડરની પરીક્ષા સંયુક્ત રીતે લેવામાં આવશે. હવેથી ઉમેદવાર ગુજરાતી કે અંગ્રેજી ભાષામાં પરીક્ષા આપી શકશે. આ ઉપરાંત દર વર્ષે વિભાગોએ પોતાની ખાલી જગ્યાઓ અંગે સેક્રેટરી ને જાણ કરવાની રહેશે. ભરતી બોર્ડના નિયમોને આધિન પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. આ પહેલાં વર્ગ-૩ની ભરતી માટે માત્ર એક જ પરીક્ષા લેવામાં આવતી અને પરીક્ષાનું પરીણામ જાહેર થતા જ સીધી ભરતી કરીને ઓર્ડર આપી દેવામાં આવતા હતાં. જોકે સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સરકારી નોકરીની ભરતીઓ માટેની પરીક્ષાઓમાં વારંવાર થતાં પેપરલીક કાંડ અને ગેરરીતિઓને અટકાવવા સરકારે આ નિર્ણય કર્યો છે.



એએમસી દ્વારા ભદ્ર પાથરણા બજારનું દબાણ હટાવવામાં આવ્યું હતું.( **તસવીર :જયેશ મોદી** )

## ગુજરાત ન્યુઝ અપડેટ્સ

## ૩.૯૭ કરોડની છેતરપિંડીના ગુનામા બે આરોપીની ધરપકડ

**વડોદરા,**
વડોદરાના દંતેશ્વરની ૧૦૦ કરોડની સરકારી જમીન કૌંભાડનો મામલો સામે આવ્યો છે. આ કૌંભાડ સંજયસિંહ પરમાર નામના વ્યક્તિએ કર્યુ હોવાનું જાણવા મળ્યું છે. અને આ કેસમાં સંજયસિંહ પરમારના બે દિકરાની ધરપકડ કરવામાં આવી છે. સરકારી જમીન પર સંજયસિંહ પરમારએ પોતાનો વ્હાઈટ હાઉસ બંગલો બનાવ્યો હતો. સંજયસિંહ પરમારે ખોટા દસ્તાવેજ ઉભા કર્યો હતા. અને જમીનના દસ્તાવેજ કરી અન્ય લોકોને વેચવામાં આવતી હતી. ૩ કરોડ ૯૭ લાખની છેતરરપિંડીના ગુનામાં ધરપકડ થઈ છે. આ કેસમાં સંજયસિંહના બે પુત્રો કુમારસિંહ અને હર્ષ પરમારની પણ ધરપકડ કરાઈ છે.

## સુરેન્દ્રનગરઃ જુગારધામ કેસમાં વધુ 3 કોન્સ્ટેબલ સસ્પેન્ડ

**સુરેન્દ્રનગર,**
સુરેન્દ્રનગરના સૌકા ગામમાં જુગારધામ ઝડપાવા મામલે કાર્યવાહિ હાથ ધરવામાં આવી છે. જેમાં જુગારધામ ઝડપાવા મામલે પોલીસ અધિક્ષકે વધુ ૩ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કર્યા છે. ત્યારે જીલ્લા એસ.પી. એચ.પી. દોશીએ ત્રણેય કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરતા પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. સૌકા જુગારધામના સંચાલકે પોલીસ કર્મચારીઓને ગોવાની ટ્રીપ આપી હતી. ગોવા ટ્રીપમાં સામેલ પોલીસ કર્મચારીઓને અગાઉ સસ્પેન્ડ કરાયા હતા. ત્યારે અત્યાર સુધી ૧ જીં સહિત ૧૨ પોલીસ કર્મીને સસ્પેન્ડ કરાયા છે. સુરેન્દ્રનગરનાં સૌકા ગામે જુગારધામ ઝડપાવા મુદ્દે જુગારધામ સંચાલક દ્વારા પોલીસ પર આક્ષેપ કરવામાં આવ્યા હતા. જેમાં જુગારધામ સંચાલકે એસઓજી પર હપ્તો લેવાનાં આક્ષેપ કર્યા હતા.

## પિતાએ ધાબા પર સુવા માટે થયેલા ઝઘડામાં પરિવારને લોહીલુહાણ કરી નાંખ્યો

**સુરત,**
કડોદરામાં એક પિતાએ માત્ર નાની બાબતમાં પરિવારના સભ્યો પર ઘાતક હૂમલો કર્યાનો બનાવ સામે આવ્યો છે. કડોદરા વિસ્તારમાં રહેતા પરિવારમાં માત્ર સુવાની બાબતે થયેલી બબાલમાં પિતા ઉશ્કેરાયો હતો અને દીકરીને છરાના ૧૭ ઘા મારીને મોતને ઘાટ ઉતારી દીધી હતી. તે ઉપરાંત તેણે પત્ની અને ત્રણ પુત્રને પણ મટન કાપવાના છરાના ઘા માર્યા હતાં. આ ઘટનાથી આસપાસના વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. પોલીસે હત્યારા પિતાને ઝડપીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરતના કડોદરામાં સત્યમ નગર વિસ્તારમાં મૂળ બિહારનો રામાનુજ શાહુ, પત્ની રેખાદેવી, દીકરી ચંદાકુમારી અને ત્રણ દીકરાઓ સૂરજ, ધીરજ અને વિશાલ સાથે રહે છે. રામાનુજ મિલમાં મજૂરી કામ કરતો હતો. રાત્રે ધાબા પર પત્ની સાથે સુવા બાબતે રામાનુજનો ઝઘડો થયો હતો.

# ગુજરાતમાં કોરોના વાયરસના નવા કુલ ૧૧ કેસ નોંધાયા

**અમદાવાદ,**
ગુજરાતમાં કોરોનાના કેસોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. જેમાં ૧૯ મેના રોજ કોરોનાના નવા ૧૧ કેસ નોંધાયા છે. જ્યારે કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૨૦૦ની અંદર આવી છે. એક્ટિવ કેસની સંખ્યા ૧૧૬એ પહોંચી છે.જેમાં અમદાવાદમાં ૦૭, બનાસકાંઠામાં ૦૧, મહેસાણામાં ૦૧, વડોદરામાં ૦૧, વલસાડમાં ૦૧ કેસ નોંધાયો છે. જ્યારે કોરોના રિકવરી રેટ ૯૯.૧૩ ટકા થયો છે. તેમજ કોરોનાથી આજે ૧૯ દર્દી સાજા થયા છે.આ દરમ્યાન છેલ્લા ત્રણ વર્ષથી કોરોના સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહ્યો છે. આ ખતરનાક ચેપને કારણે કરોડો લોકોના મોત પણ થયા છે. કોવિડ ૧૯ ના વિવિધ પ્રકારોને કારણે, આ ચેપ ખૂબ જ ખતરનાક બની ગયો હતો. વિશ્વ આરોગ્ય સંસ્થાએ વૈશ્વિક ખતરો અને રોગચાળો જાહેર કર્યો હતો. હવે આ રોગચાળાને લઈને એક રાહતના સમાચાર છે.

# દિવ્યાંગ વિદ્યાથીઓને ભણાવતા શિક્ષક માટે લેવાશે ટેટની પરીક્ષા

**અમદાવાદ,**
ગુજરાતમાં દિવ્યાંગો માટે શિક્ષણ ખાતુ પણ દિવ્યાંગો માટે શાળામાં શિક્ષણ આપે છે. રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં નોર્મલ બાળકો સાથે વિકલાંગોને ભણાવાની યોજના ચાલે છે. ત્યારે ધોરણ ૧થી ૮ની સ્કૂલોમાં ભણતા દિવ્યાંગ વિદ્યાથીઓ માટે સ્પેશ્યલ એજ્યુકેટર્સ એટલે કે ખાસ શિક્ષકોની પ્રથમવાર ટેટ પરીક્ષા લેવામાં આવશે. જે ૨૭મીએ લેવાશે. આ પરીક્ષા માટે રાજ્યભરમાંથી ૫ હજાર ઉમેદવારો નોંધાયા છે.

ગુજરાતમાં દિવ્યાંગ વિદ્યાથીઓને ભણાવતા સ્પેશિયલ એજ્યુકેટર્સ માટે ટેટ પરીક્ષા ક્યારેય લેવામાં આવી નથી. હાઈકોર્ટના આદેશ બાદ સરકારે પ્રથમવાર ટેટ પરીક્ષા જાહેર કરી છે. સ્પેશ્યલ એજ્યુકેટર્સ માટેની ટીચર્સ એલિજિબિલિટી ટેસ્ટ ટેટ પ્રથમવાર ૨૭મી મેના રોજ લેવામા આવનાર છે. જેમાં ધોરણ ૧થી ૫ના શિક્ષકો માટે બપોરે ૧૨થી દોઢ વાગ્યા સુધી અને ધોરણ ૬થી ૮ના શિક્ષક માટેની ટેટ સાંજે ૪થી ૬ દરમિયાન લેવાશે. આ પરીક્ષામાં ૧થી ૫ માટે ૨૫૦૦ ઉમેદવારો અને ધોરણ ૬થી ૮ માટે પણ ૨૫૦૦ ઉમેદવારો રાજ્યભરમાંથી નોંધાયા છે.

આ પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા માત્ર અમદાવાદ જિલ્લાના મુખ્ય કેન્દ્રોમાં જ લેવામા આવનાર છે. પરીક્ષા બોર્ડ દ્વારા હાલ હોલ ટિકિટ પણ ઓનલાઈન જાહેર કરી દેવાઈ છે. આ ટેટ પરીક્ષાના પરિણામના આધારે દિવ્યાંગો માટેની ખાસ અલગ સ્કૂલો તેમજ સામાન્ય સ્કૂલોમાં પ્રથમવાર સ્પેશિયલ એજ્યુકેટર્સની ભરતી સરકાર દ્વારા કરવામા આવશે.

રાજ્યમાં વિકલાંગ બાળકોનું શિક્ષણ બે ખાતા હેઠળ ચાલે છે એક તો સમાજ કલ્યાણ ખાતા હેઠળ જેમાં ૧૩૧ જેટલી બહેરા-મુંગા, અંધ, મંદબુદ્ધિ અને સેરિબ્રલ પાલ્સી શાળાઓમાં કે જેમાં ૧૫ હજાર જેટલા બાળકો ભણે છે.

આ શાળાઓ મોટા ભાગે સ્વૈચ્છિક સંસ્થાઓ હસ્તક છે. સરકાર તેને ગ્રાન્ટ આપે છે. રાજ્ય સરકારે છઠ્ઠા અને સાતમા પગાર પંચમાં આ શાળાઓના સેટ અપની ૫૪૦ જગ્યાઓ રદ કરી નાખી છે. જે આજ સુધી પુનઃ જિવીત થઈ નથી. પરિણામે છેલ્લાં ૧૦ વર્ષથી વધ સમયગાળાથી સ્પેશિયલ એજ્યુકેટર (શિક્ષકો)ની ભરતી થઈ શકી નથી. શાળામાં બાળકો છે પણ સાચા શિક્ષકો નથી તે હકીકત છે.



ગરમીના કારણે કાંકરીયા ઝૂમાં હિપ્પોપોટેમસના હોઝનું પાણી બદલવામાં આવ્યું હતું. જેના કારણે હિપ્પોપોટેમસને બહાર કાઢવામાં આવ્યા હતા.( **તસવીર :જયેશ મોદી** )

# અમદાવાદના કેમ્પ હનુમાન મંદિરમાં પ્રસાદ લઈ જવા પર પ્રતિબંધ મુકાયો

**અમદાવાદ,**
અમદાવાદમાં કેમ્પ હનુમાન મંદિરમાં પ્રસાદ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. ત્યારે પ્રસાદ લઈ જવા પર પ્રતિબંદથી ભકતોમાં નારાજગી જોવા મળી રહી છે. પ્રસાદ મુદ્દે મંદિરના ટ્રસ્ટ્રી સુધીર નાણાવટીનું નિવેદન સામે આવ્યું છે. જેમાં કેન્ટોનમેન્ટ વિસ્તારમાં કેમ્પ હનુમાન મંદિર આવેલ છે. કેન્ટોનમેન્ટ વિસ્તારમા આર્મીના નિયમો લાગુ થાય છે. આર્મી અમને જે નિયમ કહે તેનું અમારે પાલન કરવાનું હોય છે. સુરક્ષાના કારણોસર કોઈ પણ વસ્તુ લઈ જવા પર પ્રતિબંધ છે.

કેમ્પ હનુમાન મંદિર તરફથી ઘી ના મગસનો પ્રસાદ અપાતો હતો. ત્યારે મંગળવાર અને શનિવાર સિવાયનાં દિવસોમાં પ્રસાદની માંગ રહેતી હતી. કોરોનાં વખતે લાડુનો પ્રસાદ બંધ કરી દેવામાં આવ્યો હતો. જે બાદ પણ વિવાદ થયો હતો. તો પણ ટ્રસ્ટ્રીઓ દ્વારા પ્રસાદ શરૂ કર્યો ન હતો. તેમજ બહારથી આવતા પ્રસાદ પર પણ પ્રતિબંધ ફરમાવી દીધો હતો. ટ્રસ્ટ્રીઓ અને પૂજારીઓ વચ્ચે ચાલી રહેલા વિવાદનાં કારણે અચાનક પ્રસાદ બંધ કરી દેવાયો હોવાનું પણ માનવામાં આવી રહ્યું છે.

# પૂર્વ શિક્ષણમંત્રી હસમુખ પટેલનું નિધન

**અમદાવાદ,**
એક વિચારક, શિક્ષણવિદ અને વ્યવસાયે પ્રાધ્યાપકની લાંબી કારકિર્દી મેળવી ચૂકેલા કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ શિક્ષણમંત્રી હસમુખ પટેલે આજે અમદાવાદ ખાતે અંતિમ શ્વાસ લીધા છે. છેલ્લા થોડા સમયથી તે ફેક્સા અને હાર્ટની સમસ્યાથી પીડાઈ રહ્યા હતા અને તેની સારવાર પણ લઈ રહ્યા હતા. સ્વ. હસમુખભાઈ પટેલના નામે અનેક સિદ્ધિઓ જોડાયેલી છે. માર્ચ ૧૯૮૫થી જુલાઈ ૧૯૮૫ સુધી એટલે કે સાતમી ગુજરાત વિધાનસભામાં તે સંસદીય કોંગ્રેસ પક્ષના દંડક હતા. આ સિવાય તે ગુજરાત સરકારમાં રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનાં રાજ્યકક્ષાના મંત્રી પણ રહી ચૂક્યા છે. જુદા-જુદા અનેક મેગેઝિનોમાં અર્થશાસ્ત્ર, રાજકારણ, શિક્ષણ અને પક્ષની નીતિઓ તથા કાર્યક્રમો પર પણ



અસંખ્ય લેખો લખી ચૂક્યા છે. પૂર્વ શિક્ષણમંત્રીના નિધનના સમાચાર સાંભળીને હાલ ગુજરાત કોંગ્રેસ પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. ૮૪ વર્ષની ઉંમરે તેઓએ પોતાના ઘરે દેહત્યાગ કર્યો. નિધનના સમાચાર મળતા જ કોંગ્રેસના અનેક દિગ્ગજ નેતાઓએ શ્રદ્ધાંજલિ પાઠવી હતી. હસમુખભાઈના પરિવારે તેમની ઈચ્છા મુજબ સોલા સિવિલ હોસ્પિટલ ખાતે તેમનું દેહદાન કર્યું.

# સુરતમાં સર્ગભા મહિલાનું હાર્ટએટેકથી નિધન થયું

**સુરત,**
રાજ્યમાં છેલ્લા થોડા મહિનાથી હાર્ટએટેકથી નિધનની ઘટનામાં ચોંકાવનારો વધારો થયો છે. આવી જ વધુ એક ઘટના ડાયમંડ નગરી સુરતમાં બની છે. શહેરના નવાગામ ડીંડોલી વિસ્તારમાં સગર્ભા મહિલાનું હાર્ટ એટેકથી મોત થયું છે. ૩૬ વર્ષીય મહિલાને ૩ મહિનાનો ગર્ભ હતો. મહિલા સવારે વોશ ગયા બાદ અચાનક જ ગભરામણ થવા લાગી હતી. જેથી તેમને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ લઈને આવતા ફરજ પરના ડોક્ટરે તેમને જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા. ગર્ભવતી મહિલાના નિધનથી તેમના પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. થોડા દિવસ પહેલા સુરતના જુદા જુદા વિસ્તારમાં ૧ મહિલા, ૫ પુરુષ સહિત ૬ લોકોના મોતથી હાહાકાર મચી ગયો હતો.

# અમદાવાદીઓ ઉકળાટથી પરેશાનઃ ભેજનું પ્રમાણ વધ્યું

**અમદાવાદ,**
ગુજરાતમાં એક સમયે ગરમીનો પારો ૪૫ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો, જોકે, હવાનું વહેણ બદલાતા ગરમીનો પારો અટકી ગયો છે. પશ્ચિમ પવનો ભેજ લઈને આવતા હોવાથી લોકો ઉકળાટ અનુભવી રહ્યા છે પરંતુ ગરમીનું જોર ઘટ્યું છે. રાજ્યમાં સૌથી ઊંચું ૪૨ ડિગ્રી તાપમાન ગુરુવારે રાજકોટમાં નોંધાયું હતું. જ્યારે અમદાવાદ સહિતના શહેરોમાં પણ આકરી ગરમીના કારણે લોકો ત્રસ્ત થઈ ગયા છે. આગામી ૪ દિવસ હવામાન સૂકું રહેવાની આગાહી છે. જોકે, ક્યાં લોકલ કન્વેક્ટિવિટીના કારણે વરસાદ થવાની આછી-પાતળી સંભાવના છે. રાજ્યના આગામી ૫ દિવસના હવામાન અંગે આગાહી કરીને અમદાવાદ કેન્દ્રના વડા ડૉ. મનોરમા મોહંતીએ ગુરુવારે જણાવ્યું હતું કે, આગામી ૫ દિવસ (આજથી ૪ દિવસ) રાજ્યનું હવામાન સૂકું રહેવાની સંભાવના છે, અને વરસાદ થવાની મોટાભાગે સંભાવના નથી. રાજ્યનું તાપમાન પણ મોટા ફેરફાર થવાની સંભાવનાઓ નથી. અમદાવાદ અને ગાંધીનગરમાં ૪૧ ડિગ્રી સેલ્સિયસની આસપાસ તાપમાન નોંધાઈ રહ્યું છે. જે આગામી દિવસોમાં પણ યથાવત રહેશે. વધુમાં ડૉ. મોહંતીએ રાજ્યના હવામાન અંગે આગાહી કરીને જણાવ્યું છે કે, ગુજરાત માટે હીટવેવની વોર્નિંગ નથી, પરંતુ હીટ એક્શન પ્લાન અંતર્ગત અમદાવાદ માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. અમદાવાદ માટે આગામી ૪ દિવસ માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. ગુરુવારે રાજકોટ રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. વરસાદ અંગેની સંભાવનાઓના સવાલ પર અમદાવાદ હવામાન કેન્દ્રના ડૉ. મોહંતીએ કહ્યું છે કે, હાલ, ગુજરાતમાં વરસાદની લાવે તેવી કોઈ સિસ્ટમ એક્ટિવ નથી. જોકે, લોકલ કન્વેક્ટિવિટી એક્ટિવિટી થઈ શકે છે. હાલ ગુજરાતમાં પશ્ચિમી પવનો આવી રહ્યા છે. તેમને વાવાઝોડા અંગે સવાલ કરવામાં આવ્યો હતો કે તેમણે આવી કોઈ સિસ્ટમ સક્રીય થઈ હોવાની આગાહી કરી નથી. તેમણે કહ્યું હતું કે, હાલ પશ્ચિમી પવન અરબી સમુદ્ર થઈને ગુજરાતમાં આવી રહ્યા છે. જે હવાઓ ભેજ લઈને આવી રહી છે. જમીન ગરમ થવાથી અને ભેજ હોવાથી વાદળો બની રહ્યા છે. જ્યાં વરસાદની સંભાવના હશે તે અંગે ત્રણ કલાક પહેલા આગાહી કરવામાં આવશે. રાજ્યમાં નલિયા, ઓખા, રાજકોટ સહિત કેટલાક ભાગોમાં વાદળછાયું વાતાવરણ છે. રાજ્યમાં પડી રહેલી ગરમી અંગે હવામાન વિભાગે જણાવ્યું છે કે, આગામી દિવસોમાં પણ તાપમાન આ પ્રમાણે જ રહેવાની સંભાવના છે.

# વી. એસ. હોસ્પિટલના પૂર્વ સુપ્રિ. સામે કાયદેસર કાર્યવાહી કરવા કમિશ્નરને સત્તા આપવામાં આવી

## ઈપીએફમાં સત્તાનો દુરુપયોગ કરી રૂા. 33 કરોડ જમા કરાવ્યાના કેસમાં વ્યવસ્થાપક મંડળે કરેલ નિર્ણય

**(પ્રતિનિધિ) અમદાવાદ,**
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શેઠ વાડીલાલ સારાભાઈ હોસ્પિટલના બહુ ચર્ચિત પીએફ ગેરરીતિ મામલે પૂર્વ સુપ્રિટેન્ડેન્ટ સામે કાયદેસર કાર્યવાહી કરવા નિર્ણય કરવામાં આવ્યો છે નોંધનીય છે કે હોસ્પિટલના પૂર્વ સુપ્રિટેન્ડેન્ટે તેમની સત્તાની હદ ઓળંગી રૂા.૩૩ કરોડ જેટલી માતબર રકમ પીએફમાં ભરી હતી.

વી.એસ. હોસ્પિટલના આંતરિક સુત્રોના જણાવ્યા મુજબ ૧ એપ્રિલ ૨૦૦૫ પછી રાજ્ય સરકાર કે મ્યુનિ. કોર્પોરેશનમાં જે નવી નિમણુંક થઈ હોય તેમને નવી પેન્શન સ્કીમમાં સમાવેશ કરવા માટે પરિપત્ર કરવામાં આવ્યો હતો. મ્યુનિ. કોર્પો.એ પણ સદર નિયમના પરિપત્રનો અમલ કર્યો છે તથા વી.એસ. હોસ્પિટલના કર્મચારીઓ માટે વ્યવસ્થાપક મંડળ દ્વારા ૪ ડીસેમ્બર ૨૦૧૦ની બોર્ડ મીટીંગમાં ઠરાવ નં.૧૩૧ દ્વારા આ પરિપત્રનો અમલ કરવાની તમામ સત્તા સુપ્રિટેન્ડેન્ટને સોંપવામાં આવી હતી. મ્યુનિ. નાણાં ખાતાએ પણ ન્યુ પેન્શન સ્કીમનો અમલ કરવા અભિપ્રાય આપ્યો હતો પરંતુ વી.એસ.હોસ્પિટલના તત્કાલીન સુપ્રિટેન્ડેન્ટ સંદીપ મલહાને બોર્ડ ઠરાવનો અમલ કરવાના બદલે ખાનગી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મનુભાઈ એન્ડ કંપનીની સલાહ માની હતી અને ન્યુ પેન્શન સ્કીમના બદલે ઈપીએફમાં રૂા.૩૩ કરોડ જમા કરાવ્યા હતાં જેમાં મુડી પેટે રૂા.૨૫ કરોડ અને પેનલ્ટીના રૂા.૭ કરોડ હતાં સામાન્ય નિયમ મુજબ આ પ્રકારની પેનલ્ટી ભરવાની કોઈ જ સત્તા સુપ્રિટેન્ડેન્ટ પાસે નથી તેમ છતાં તેમણે રૂા.૭ કરોડ જમા કરાવ્યા હતા જેના માટે તેમણે વી.એસ. બોર્ડની મંજુરી લેવાની દરકાર પણ કરી ન હતી. સંદિપ મલહાનને જે રીતે આ રકમ જમા કરાવી હતી તે તેમની સત્તા બહાર હતી તદઉપરાંત આ રકમ ભરવા અને તેના હિસાબ રાખવા કન્સલટન્ટનની નિમણુંક કરી હતી જેના માટે રૂા.૩ લાખ ચુકવવામાં આવ્યા હતાં અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વી.એસ. સુપ્રિટેન્ડેન્ટની નાણાંકીય સત્તા માત્ર રૂા.૧ લાખની હતી આમ વી.એસ. ના તત્કાલિન સુપ્રિટેન્ડેન્ટ દ્વારા સત્તાનો જે દુરૂપયોગ કરવામાં આવ્યો હતો તે બદલ ઘણા સમયથી કાર્યવાહી કરવા માંગણી થતી હતી પરંતુ તે દરમિયાન તેમણે સ્વેચ્છિક નિવૃતિ પણ લઈ લીધી હતી તેમ છતાં તેમને નિવૃતિના તમામ લાભો પણ આપવામાં આવ્યા હતા પરંતુ કઈ જ કાર્યવાહી થઈ ન હતી.

વી.એસ.હોસ્પિટલના પૂર્વ સુપ્રિટેન્ડેન્ટ દ્વારા જે રીતે સત્તાનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો તે અંગે વ્યવસ્થાપક મંડળ ચેરમેન અને શહેર મેયર કિરીટભાઈ પરમારનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે બોર્ડની છેલ્લી મળેલી મીટીંગમાં પૂર્વ સુપ્રિટેન્ડેન્ટ સંદિપ મલહાન સામે કાર્યવાહી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે આ માટે તેમની પાસેથી અંતિમ અભિપ્રાય પણ મંગાવવામાં આવ્યો હતો તેઓ હાલ વિદેશમાં છે તથા તેમના પ્રથમ અભિપ્રાયને અંતિમ અભિપ્રાય જણાવ્યું હતું તે તે મુજબ કમીટી દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે તથા તેમની સામે કાર્યવાહી કરવાની તમામ સત્તા કમિશ્નરને સોંપવામાં આવી છે જેમાં બે થી ત્રણ વિકલ્પનો સમાવેશ થાય છે. પૂર્વ સુપ્રિટેન્ડેન્ટ પાસેથી નાણાં પરત લેવા માટે પોલીસ કેસ પણ થઈ શકે છે તથા તેમનું પેન્શન રોકીને પણ વસુલાત થઈ શકે છે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

# મ્યુનિ. કોર્પો.એ બીયુ વિનાની ૧૮ મિલકતો સીલ કરી : બે મિલકતો તોડી પાડી

**(પ્રતિનિધિ) અમદાવાદ,**
અમદાવાદ મ્યુનિ. કોર્પો.એ । વધુ એક વખત લાકડાની તલવાર વિઝવાની શરૂઆત કરી છે. શહેરના ગેરકાયદેસર બાંધકામોને કાયદેસર કરવા માટે સરકારે જાહેર કરેલ ઈમ્પેકટ કાયદાને નબળો પ્રતિસાદ મળ્યા બાદ તંત્રએ બીયુ વેરાની મિલકતો સીલ કરવાની શરૂઆત કરી છે જેના ભાગરૂપે શુક્રવારે ૧૮ જેટલી કોમર્શિયલ મિલકતો સીલ કરી છે જયારે બે મોટા બાંધકામો તોડી પાડયા છે.

રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ ઈમ્પેકટ કાયદા અંતર્ગત ૧ નવેમ્બર ૨૦૨૨ પછીની તમામ મિલકતોને કાયદેસર કરવામાં આવશે પરંતુ સરકારના આ ઈમ્પેકટ કાયદાને ખુબજ નબળો પ્રતિસાદ મળી રહયો છે મ્યુનિ. કોર્પો.ને ઈમ્પેકટ કાયદા અંતર્ગત માત્ર ૩૫૮૪૬ અરજીઓ મળી છે જે પૈકી ૧૦૯૦ અરજીઓનો જ નિકાલ થયો છે. જયારે ઈમ્પેકટ ફી અંતર્ગત રૂા.૬ કરોડની આવક થઈ છે. આમ છેલ્લા ૬ મહિનામાં ૩૫ હજાર જેટલી અરજીઓ મળતા મ્યુનિ. કમિશ્નરે બીયુ વિનાની કોમર્શિયલ મિલકતો સીલ કરવા આદેશ કર્યો હતો. મ્યુનિ. એસ્ટેટ વિભાગ દ્વારા શુક્રવારે દ.પ.માં -૫, પશ્ચિમ ઝોનમાં -૫, મધ્યઝોનમાં - ૪, ઉત્તર ઝોનમાં -૪ એમ કુલ ૧૮ મિલકતો સીલ કરવામાં આવી છે જેમાં ૧૫ કોમર્શિયલ યુનિટ અને ૩ ઈન્ડસ્ટ્રીયલ યુનિટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તંત્ર દ્વારા ત્રાગડ ગામમાં અંદાજે ૫૨૮ ચો.ફુટની ગેરકાયદે બાંધકામ અને બહેરામપુરામાં અંદાજે ૧૯ હજાર ચો.ફુટનું ગેરકાયદે બાંધકામ તોડવામાં આવ્યું છે.

મ્યુનિ. કોર્પો. દ્વારા જે મિલકતો સીલ કરવામાં આવી છે તેમાં મહેંદીકુવા લોખંડબજારમાં મદન ગોપાલ હવેલી રોડ ખાડીયા-હિતેન્દ્રનગર ઔદ્યોગિક વસાહત નરોડામાં આનંદ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ નરોડા-૦૧, સહયોગ માર્કેટ રેલવેપુરા, સરજુહાઈ ચાંદખેડા, વેદાની પ્રભા એસ્ટેટ સરખેજ, પાર્થ ઓટોમોબાઈલ સરખેજનો સમાવેશ થાય છે.

# ડિઝાસ્ટર રિસ્ક રિડક્શાન ૨૦૧૫-૨૦૩૦ માટે સેન્ડાઈ ફ્રેમવર્કની મધ્યવર્તી સમીક્ષા

**કેવડિયા,**
ભારતની નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અને જાપાન ઈન્ટરનેશનલ કોઓપરેશન એજન્સીએ આજે સંયુક્ત રાષ્ટ્રના મુખ્યમથક ખાતે એક રિસ્ક રિડક્શન હબ ઈવેન્ટનું આયોજન કર્યુ હતું, જેમાં સેન્ડાઈ ફ્રેમવર્ક ફોર ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન ૨૦૧૫-ની ૨૦૩૦ 'સ્થિતિસ્થાપક અને ટકાઉ ભવિષ્ય તરફ આપત્તિ જોખમ ઘટાડવામાં રોકાણને પ્રોત્સાહન આપવા માટે રાજ્યોની ભૂમિકાઓ' પર ચર્ચા કરવા મધ્યવર્તી સમીક્ષાની ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ ઈવેન્ટમાં SDGs હાંસલ કરવા અને ક્લાયમેટ ચેન્જ સાથે સંકળાયેલા નુકસાન અને અસરોને ઘટાડવા અને તેના દ્વારા એક સ્થિતિસ્થાપક સમાજનું નિર્માણ કરવા માટે મૂળભૂત જરૂરિયાત તરીકે આપત્તિ જોખમ ઘટાડવામાં રોકાણને પ્રોત્સાહન આપવામાં રાજ્યોની પ્રાથમિક ભૂમિકાની રૂપરેખા આપવામાં આવી હતી. આ ઈવેન્ટમાં અસ્તિત્વમાં રહેલા જોખમોને ઘટાડવા અને સ્થિતિસ્થાપક અને ટકાઉ સમાજના નિર્માણ તરફ ભવિષ્યના જોખમોને રોકવા માટે દરેક રાજ્યની જવાબદારી માટે આહવાન કરવામાં




આવ્યું હતું.

અગ્ર સચિવ ડૉ.પી.કે. મિશ્રા પ્રધાનમંત્રીના ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. તેમની ટિપ્પણી દરમિયાન, ડૉ. મિશ્રાએ માહિતી આપી હતી કે વૈશ્વિક નીતિ વિષયક પ્રવચનમાં આપત્તિ જોખમ ઘટાડવાના મુદ્દા પર જરૂરી ધ્યાન આપવામાં આવી રહ્યું છે કારણ કે જી૨૦ અને જી૭ બંનેએ આ મુદ્દાને પ્રાથમિકતા આપી છે. ડૉ. મિશ્રાએ નાણાકીય આર્કિટેક્ચર વિકસાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો જે સંતુલિત રીતે આપત્તિ જોખમ ઘટાડવાની જરૂરિયાતોના સમગ્ર સ્પેક્ટ્રમને સંબોધિત કરી શકે અને આપત્તિના સમયે પ્રારંભિક ચેતવણી પ્રણાલીને મજબૂત કરવામાં રાજ્યની ભૂમિકાને સ્પષ્ટ કરી શકે. આ દિશામાં, જી૨૦ વર્કિંગ ગ્રૂપ નાણાકીય મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે આવતા અઠવાડિયે બીજી વખત બેઠક કરશે.

ઉલ્લેખનીય છે કે SFDRRની અનુરૂપ અને જી૨૦ ના ભારતના પ્રમુખપદ દરમિયાન, DRR પરના કાર્યકારી જૂથે પાંચ પ્રાથમિકતાઓ પ્રસ્તાવિત કરી હતી, જેમાં તમામ હાઈડ્રો-મેટિરોલોજીકલ આફતો માટે પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓનું વૈશ્વિક કવરેજ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સિસ્ટમને આપત્તિ અને આબોહવા બનાવવા માટે પ્રતિબદ્ધતા વધારવાનો સમાવેશ થાય છે.

વિઝીટનો કોઇ ચાર્જ નથી
વોટર પ્રુફીંગ સ્પેશિયાલિસ્ટ બ્રાઇટ મેજીક ઇટાલીયન માર્બલ પેસ્ટ
આપ ઘર-ઓફીસમાં કલર કરવા ઇચ્છો છો
● ધાબાનો અને ટાંકીનો લીકેજ કામખાતરી પૂર્વ કરી આપી છીએ.
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબુત કરવાનું કેમીકલ છે.
● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે.
● માર્બલ પેસ્ટ કરવ્યા પછી ભેજ આવતો નથી.
● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫-૧૦ વર્ષ આસાનીથી ચાલે છે
૫ વર્ષની વોરંટી
એક જ ફોન કરો માણસ તમારા ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઇનમાં બનાવી આપીએ છીએ.
અમદાવાદ : ૯૩૭૭૯૯૮૭૧૭, ૯૭૨૪૫૦૨૧૫૬, ૯૮૭૯૫૦૬૦૬૮
website : www.brightmegaicitalian.com
પેમેન્ટ ચેકથી કરવું.
ડુપ્લીકેટ માર્બલ પેસ્ટથી સાવધાન